ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



## સંક્ષિપ્ત સમાચાર

### BAPS દ્વારા અક્ષર પુરુષોત્તમ મહારાજ વધામણાં નિમિતે કાર્યક્રમ યોજાયો



**પાદરા :** BAPS દ્વારા અક્ષર પુરુષોત્તમ મહારાજ વધામણાં નિમિતે સુવર્ણ તુલા કાર્યક્રમ સાથે પાંચ દિવસીય કાર્યક્રમ સંપન્ન થયો હતો, જેમાં સંતો મહંતો સહિત અગ્રણીઓ અને હરિભક્તો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજ ના પ્રસાદી સ્થાનમાં અક્ષરપુરુષોત્તમ મહારાજના ચલમૂર્તિની સ્થાપના વિધીનો કાર્યક્રમ 12 ઓક્ટોબરથી દશેરા થી 16 ઓક્ટોબર શરદપૂર્ણિમાના દિવસો દરમિયાન ઉજવણી કરવામાં આવી હતી.

### ડેસરના ભાજપ સંગઠનના નવા પ્રમુખ તરીકે કાર્તિક પટેલની વરણી



**સાવલી :** ડેસર તાલુકા ભાજપાના પ્રમુખ નરેન્દ્રસિહ રાઉલજી ના દિકરાનુ લગ્ન તા.૧૪ના રોજ હોવાથી અને પાર્ટીના દ્વારા કામને ન્યાય આપી શકાય નહી લેખીતમાં રજા માગેલ હતી તે અનુસંધાને જીલ્લા પ્રમુખ દ્વારા રજા મંજુર કરી ડેસર તાલુકામાં હાલ ચાલી રહેલ સદસ્યતા અભિયાન ૨૦૨૪ અને સક્રિય સદસ્યતા અભિયાન-૨૦૨૪ ની કામગીરી સારી રીતે પુરી કરવા માટે તા.૧૬ ઓક્ટોબર થી ડેસર તાલુકા ભાજપ મહામંત્રી કાર્તિક પટેલને ડેસર તાલુકા ભાજપાના ઈન્ચાર્જ પ્રમુખ તરીકેની વધારાની જવાબદારી સોપવામાં આવી હતી.

### છોટાઉદેપુરની પોલીટેક્નિક કોલેજ ખાતે ઝાડી ઝાંખરા દૂર કરવા માંગ



**છોટાઉદેપુર :** છોટાઉદેપુર નગરના ફતેપુરા વિસ્તારમાં આવેલી પોલીટેક્નિક કોલેજ ખાતે રસ્તાને અડીને ઝાડી ઝાંખરા ઊગી નીકળ્યા છે. જ્યાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જેના કારણે ઝાડીઓમાં ભરાઈ રહેલા જીવ જંતુઓ તથા ઝેરી પ્રાણીઓ જેવાકે સાપ અજગર જોવા મળી રહ્યા છે. જેના કારણે રસ્તામાં આવતા જતા રાહદારીઓ તથા વિદ્યાર્થીઓને માથે સંકટ રહેલું છે. જેથી આવનારા દિવસોમાં જો કોઈ વિદ્યાર્થીને ઝેરી જીવ જંતુ કરડશે કે આરોગ્યને નુકસાન થશે તો જવાબદારી કોની એ અંગે તંત્રએ કાળજી લેવી જોઈએ. છોટાઉદેપુરની પોલીટેક્નિક કોલેજ ભારે ખુલ્લા વિસ્તારમાં આવેલી છે.

### ખાંડીયા ગામે ગૌમાતાની સર્જરી દ્વારા કેન્સરની પીડામાંથી મુક્તિ અપાઇ



**બોડેલી :** છોટાઉદેપુર જીલ્લાના બોડેલી તાલુકાના ખાંડીયા ગામ ખાતે 1962ની ટીમ દ્વારા બે કલાકની મહેનત બાદ સફળતાપૂર્વક ગૌમાતાની સર્જરી દ્વારા કેન્સરની પીડામાંથી મુક્તિ અપાઇ છે. શિંગડાના કેન્સરથી ગ્રસ્ત ગાયનાં શિંગડામાં જીવાત પડતા આ સર્જરીની જરૂરિયાત ઊભી થઇ હતી. છેલ્લાં આ ગાયનાં શિંગડાંમાં જીવાતો પડી ગઇ હતી. આથી માલિક દ્વારા મોબાઈલ પશુ દવખાનાનો 1962 નંબર દ્વારા સંપર્ક કરતા તાત્કાલિક નજીકના લોકેશન મોરખલાની એમ્બ્યુલન્સ પહોંચી હતી.

### ‘વિકાસ સપ્તાહ’ અંતર્ગત જબુગામ ખાતે પ્રાકૃતિક ખેતીની તાલીમ અપાઈ



**છોટાઉદેપુર :** ગુજરાતની વિકાસ યાત્રાને અવિરત ચાલુ રાખી નાગરિક પ્રથમ અભિગમ સાથે લોકાભિમુખ અને સક્રિય શાસનના પગલાના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં દર વર્ષે ૭ થી ૧૫ ઓક્ટોબર દરમિયાન ‘વિકાસ સપ્તાહ’ ઉજવણી કરવામાં આવી રહી છે. રાસાયણિક અને ઝેરી દવાઓને કારણે જમીન, પાક અને પર્યાવરણને થતા નુકસાનથી વણસી રહેલી સ્થિતિને સુધારવા તેમજ લોકોને નિરોગી અને તંદુરસ્ત સ્વાસ્થ્ય મળી રહે તે હેતુથી રાજ્યસરકાર દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવા આહ્વાન કરાઇ રહ્યું છે.

---

હડતાલ થી સરકારની તિજોરીને કરોડોનું નુકસાન થયું

## ક્વોરી એસો. અને સરકાર વચ્ચે પડતર પ્રશ્નોનું સમાધાન થતાં ઉદ્યોગ પુન: ધમધમી ઉઠ્યો

**માત્ર** મધ્ય ગુજરાતની ખેડા, પંચમહાલ, વડોદરા જિલ્લામાં 125 ક્વોરીઓ અને 250 માઈન્સો આવેલી છે



(પ્રતિનિધિ) સાવલી તા.17

ગુજરાત બ્લેક સ્ટોન ક્વોરી એસોસીએશનની 28 સપ્ટેમ્બરે દ્વારકા ખાતે યોજાયેલી બેઠકમાં લેવાયેલા નિર્ણય પ્રમાણે ગુજરાતભરનો ક્વોરી ઉદ્યોગ તા 2 ઓક્ટોબરથી અચોક્કસ મુદતની હડતાલ ઉપર હતો. ખેડા, પંચમહાલ અને વડોદરા જિલ્લાની 125 ક્વોરી અને 250 માઈન્સો સહિત રાજ્યની 1600 ઉપરાંત ક્વોરીઓએ જડબેસલાક બંધ પાડ્યો હતો. જેના કારણે કન્સ્ટ્રક્શન સહિતના રાજ્ય સરકારના વિકાસના કામો ઉપર રીતસર ની બ્રેક લાગી હતી. જ્યારે સામે દીપાવલીનો મોટો તહેવાર આવતો હોવાથી ક્વોરીઓમા કામ કરતા શ્રમજીવીઓની હાલત દિન પ્રતિદિન કફોડી બનતી જોવા મળી હતી. આ બાબતે સરકારને ક્વોરી એસોસીએશને પણ રજૂઆત કરીને પડતર પ્રશ્નો ઝડપ ભેર ઉકેલ કરવા માટે જણાવ્યું હતું.

અગાઉ ગાંધીનગર ખાતે બેઠક યોજાઇ હતી. પરંતુ કોઈ નિરાકરણ આવ્યું ન હતું . ગત તા 16 ઓક્ટોબરે ગાંધીનગર ખાતે ગુજરાત ક્વોરી એસો. પ્રમુખ મહામંત્રી સહિત દરેક જિલ્લાના પ્રમુખો અને કેટલાક અગ્રણી ક્વોરી સંચાલકો સાથે પ્રમુખ સચિવ, ખનીજ કમિશનર અને મહેસાણાના ધારાસભ્યની ઉપસ્થિતિમાં બેઠક મળી હતી .તેમાં ઉદ્યોગને લગતા પડતર પ્રશ્નો અને પર્યાવરણીય મંજૂરી ખાણકામના આયોજન તેમજ રાજ્યની અંદાજિત 60% થી વધુ ખાણોની રોયલ્ટી એકાઉન્ટ બંધ થતા પડતી મુશ્કેલી બાબતે વિસ્તૃત ચર્ચા કરાઈ હતી ચર્ચા વિચારણા બાદ યોગ્ય ઉકેલ આવ્યો હતો.

એક ક્વોરીમા દિવસ નુ એક હજાર ટન ઉત્પાદન થાય છે. તો 125 ક્વોરીઓ મા 1,25000 ઉત્પાદન થાય. 60 રૂપિયા લેખે રોયલ્ટી સરકારને ચૂકવાય છે. તો એક દિવસની 75 લાખ રૂપિયાની રકમ થાય છે. 15 દિવસ ચાલેલી હડતાલથી દિવસના 75 લાખ લેખે 15 દિવસના માત્ર મધ્ય ગુજરાતના 11.25 કરોડ રૂપિયાનું સરકારી તિજોરીમાં નુકસાન થવા પામ્યું છે. તો ગુજરાતની 1600 ઉપરાંત ક્વોરી ઉદ્યોગ 15 દિવસથી બંધ હતુ.

---

વૃધ્ધનો પગ લપસી જતા પાણીમાં ખેંચાયા

## ચાણોદ અસ્થી વિસર્જન કરતા વડોદરાના વૃદ્ધ નર્મદામાં ગરકાવ

(પ્રતિનિધિ) ડભોઈ તા.17

ડભોઈ તાલુકાના પવિત્ર યાત્રાધામ ચાણોદ ખાતે અસ્થી વિસર્જન કરવા આવેલા 60 વર્ષીય વૃદ્ધનો પગ લાપસી જતા પાણીમાં ગરકાવ થતા લાપતા બન્યા છે.



ઉલ્લેખનીય છે કે ડભોઈ તાલુકામાં આવેલ યાત્રાધામ ચાણોદ ખાતે નર્મદા,ઓરસંગ,ગુપ્તસરસ્વતી એમ ત્રણ નદીનો સંગમ થતો હોવાના લાખોની સંખ્યા શ્રદ્ધાળુઓ પિતૃતર્પણ માટે આવતા હોય છે. ચાણોદ ખાતે અનેક જગ્યા પર પાકા પગથિયાં વાળા ઐતિહાસિક ઘાટ આવેલા છે. જે ઘાટ પર બ્રાહ્મણો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે ધાર્મિક વિધિ કરવામાં આવે છે. આજે સવારે વડોદરાના આજવા રોડ માધવનગર ખાતે રહેતા ધનસુખભાઈ નારણભાઈ સરવૈયા ઉ.વ 60 પોતાના માતાના અસ્થિ વિસર્જન કરવા પુત્ર સાથે ચાણોદ ખાતે આવ્યા હતા. ચાણોદના મારી કુંડલ ઘાટ પરથી અસ્થિ વિસર્જન કરવા દરમિયાન ધનસુખભાઈનો પગ લપસતા તેઓ ઊંડા પાણીમાં ડૂબતા લાપતા બન્યા હતા. વૃદ્ધ પાણી માં ગરકાવ થતા પરિવારના સભ્યો ચિંતિત બન્યા હતા. જે બાદ પાણીમાં ગરકાવ થયેલા વૃદ્ધને શોધવા કવાયત હાથ ધરવામાં આવી હતી. ચાંદોદના નાવિકો દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી હતી. પરંતુ નહીં મળતા ડભોઈ ફાયર ફાઈટર ટિમ તેમજ વડોદરા ફાયરની મદદથી લાપતા વૃદ્ધની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. છેલ્લા ઘણા સમયથી વરસાદ ને પગલે સરદાર સરોવર માંથી પાણી છોડવામાં આવતા હાલ નર્મદા નદી બે કાંઠે વહી રહી છે.

---

પતિ પત્નીની સામસામે બોલાચાલી થતા પત્નીની હત્યા

## ડભોઇ જી.આઈ.ડી.સી. ખાતે શ્રમજીવી પતિ દ્વારા પત્નીની હત્યા

**શ્રમજીવી** દંપતી વચ્ચે અગમ્ય કારણોસર ઝગડો થયો હતો



(પ્રતિનિધિ) ડભોઈ તા.17

ડભોઇ જી.આઈ.ડી.સી. ખાતે પતરાની ઓરડીમાં રહેતા શ્રમજીવી દંપતી વચ્ચે અગમ્ય કારણોસર ઝગડો થયો હતો. સામસામે બોલાચાલી બાદ ઝગડો ઉગ્ર બનતા આવેશમાં આવી પતિએ પત્નીને લાકડાના ડંડા ના ફટકા મારી મોત ને ઘાટ ઉતારી દીધી હતી. જેથી કુટુંબી ભાઈની ફરીયાદના આધારે પોલીસે હત્યાનો ગુન્હો નોંધી આરોપી ને ઝડપી પાડી કસ્ટડી ભેગો કર્યો છે.

ડભોઇ પોલીસ સ્ટેશનમાંથી મળતી માહિતી મુજબ ફરીયાદી નામે અજયભાઈ શંકરભાઈ માલ ઉ.વ.18 હાલ રહે. જી.આઇ. ડી.સી.ડભોઇ.મૂળ રહે. ગવાડુંગળી, તા - ફતેપુરા, જી. દાહોદની ફરીયાદ માં જણાવ્યા મુજબ તે પોતાની કુટુંબી બહેન નામે પ્રેમિલાબેન દિનેશભાઈ વળવાઈ ઉ . વ.38 રહે.ગવા ડુંગળી,જી.દાહોદ તેમજ તેનો પતિ નામે શૈલેષભાઈ રમેશભાઈ કટારા ઉ . વ.38 રહે. આફવા, દાહોદની સાથે ડભોઇ જી.આઇ. ડી.સી.માં પતરાની ઓરડીમાં રહી મજૂરી ગુજરાન ચલાવી રહ્યા છે.ત્યારે ગતરોજ રાત્રીના તેની પિતરાઈ બહેન પ્રેમિલા અને તેના પતિ શૈલેષભાઈ કટારા વચ્ચે ઝગડો થયો હતો. જેમાં શૈલેષ કટારાએ પ્રેમિલા ને કહ્યું હતું કે તું મને પૂછ્યા વગર અને કહ્યા વગર વાપી ખાતે મજૂરી કરવા કેમ ગઈ હતી .જે વાત ને લઈ ઝગડો ઉગ્ર બનતા શૈલેષ કટારાએ પત્ની પ્રેમીલાને ડંડા વડે બેફામ માર મારતાં માથામા અને શરીરે ગંભીર ઈજાઓ થતાં તેનું મોત નિપજ્યું હતું. હત્યારા પતિ ને ઝડપી પાડી આગળની તપાસ હાથ ધરી છે.

---

મુસાફરોના જીવ તાળવે ચોંટયા હતાં

## સાધલી પાસે દોડી રહેલી એસટી બસનું ટાયર નીકળી ગયું

(પ્રતિનિધી) શિનોર તા.17

શિનોર તાલુકાના સાધલી પાસે ચાલુ ST બસનું ટાયર નીકળી જતાં બસમાં સવાર મુસાફરોના જીવ તાળવે ચોંટયા હતાં. જોકે સદનસીબે કોઈ જાનહાનિ થવા પામી ન હતી.



શિનોર તાલુકાના સાધલી ગામ પાસે આજે સવારે ૭:૩૦ વાગે અચાનક ST બસ નું ટાયર નીકળી ગયું હતું. આજે સવારે ST અમારી સલામત સવારી ના સ્લોગન લખેલી ચાંદોદ - આણંદ વાયા સાધલી, કાયાવરોહણ, પોર, કીર્તિસ્તંભ, વડોદરા જતી ST બસનું ચાલુ બસે ટાયર નીકળી ગયું હતું. જેને લઈને બસમાં સવાર મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતા. જો કે ST બસની ગતિ ઓછી હોવાથી ડ્રાઈવરે બસને કંટ્રોલ કરી દેતાં મોટી દુર્ઘટના સાથે જાનહાનિ ટળી હતી.જા હેર છે કે ST નું સ્લોગન છે ST અમારી, સલામત સવારી. ત્યારે આજે બનેલી ઘટનાએ આ સ્લોગન પર જ સવાલો ઉભા કર્યા છે.સરકારી ST બસ ચેક કરીને મોકલે એવી બસમાં બેઠેલા મુસાફરની માગ છે. ફરી આવી ઘટના ન બને તે માટે એસ,ટીવિભાગની જવાબદારી રહેશે. એસ,ટી, તંત્ર દ્વારા ફરી આવી ઘટના ન સર્જાય તેવી તકેદારી રાખવામાં આવે.

દર વર્ષે ઘણા અકસ્માતો સર્જાતાં હોય છે.ત્યારે ચાલુ બસે ટાયર નીકળી જવાની પણ અનેક ઘટનાઓ સામે આવતી હોય છે .આવામાં ST ની સવારી કેટલી સલામત એ મોટો પ્રશ્ન છે.

---

## ગણપતપુરા ગામે જુગાર રમતા 3 ઈસમો ઝડપાયા

(પ્રતિનિધિ) પાદરા તા.17

પાદરા ના ના ગણપતપુરા ગામે જુગાર રમતા ૩ જુગારીયાઓ ને પાદરા પોલીસે રૂપિયા ૧૧૮૨૦/- ના મુદ્દા માલ સાથે ઝડપી પડ્યા હતા. જેમાં ૩ જુગારીયાઓ ફરાર થઈ ગયા હતા. પોલીસે ૬ સામે જુગાર ધારા મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

પાદરાના પીઆઈને મળેલી બાતમી ના આધારે પાદરા પોલીસ સ્ટાફ ના રાહુલભાઈ, નવનીતભાઈ, જયદીપભાઈ, બીપીનભાઈ, રાજેશભાઈ, હકુભાઈ સહિતના પેટ્રોલિંગમાં હતા ભાથુજી મંદિરની પાછળ આવેલ ખુલ્લી જગ્યામાં અજવાળે પત્તાપાના વડે રૂપિયાથી હાર જીતનો જુગાર રમી રમાડતા પત્તા પાના જમીન દાવ ઉપરના રોકડા ૩૪૭૦/- અનાગ ઝડતી ના ૮૩૫૦/- મળી કુલ ૧૧૮૨૦/- ના મુદ્દા માલ સાથે ત્રણને સ્થળ પરથી ઝડપી પાડ્યા હતા અને ત્રણ ફરાર થઈ ગયા હતા.

---

ભગવાન શિવ સુધી પહોંચવા તકલીફ દૂર થશે

## છોટાઉદેપુર જાગનાથ મહાદેવ મંદિર તરફ જતો રસ્તો મંજૂર

(પ્રતિનિધી) છોટાઉદેપુર તા.17

છોટાઉદેપુર શ્રી જાગનાથ મહાદેવ મંદિર તરફ જતો રસ્તો મંજુર થતા ભક્તોમાં આનંદ ધારાસભ્ય ની રજૂઆતોના પગલે રસ્તો મજૂર થતા જનતાએ આભાર માન્યો હતો.



છોટાઉદેપુર નગરના સામે કિનારે અતિ પ્રાચીન શ્રી જાગનાથ મહાદેવનું મંદિર આવેલું છે. જ્યાં જવા માટે એકજ રસ્તો હોય રસ્તો પરંતુ રેતી માફિયાઓનાને ત્રાસે આ રસ્તો ભારે બિસ્માર બન્યો છે. બનાવેલા આર સી સી રોડ અંદર બેસાડેલા સળિયા પણ બહાર આવી ગયા છે. પરંતુ વર્ષોથી આ રસ્તો બિલકુલ બિસમાર હોય જે ને નવો બનાવવા કે રીપેરીંગ કરવા ભક્તો તથા ગ્રામજનોની માંગ ઉઠી હતી. આ બાબતે ધ્યાન આપી પૂર્વ ધારાસભ્ય મોહનસિંહ રાઠવાએ પણ સરકારમાં રજૂઆતો કરી હતી પ્રજાની જૂની માનગણીઓને ધ્યાને રાખી હાલના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવાએ પણ સરકારમાં રજૂઆતો કરી હતી. જે રજૂઆતને ધ્યાને રાખી સરકારે જાગનાથ મંદિર તરફ જતો મણકા ગામનો રોડ રૂ 65 લાખના ખર્ચે મંજુર કરી દેવામાં આવ્યો છે. જ્યારે મંદિરે દર્શનાર્થે જતા ભાવિક ભક્તો ભારે આનંદની લાગણી ફેલાઇ છે.

---

## ડભોઈમાં શરદ પૂનમે શેરી ગરબા યોજાયા

(પ્રતિનિધી) ડભોઈ તા.17

ડભોઇ નગરમાં હજારો રંગ રસિયાઓ એ શરદ પૂનમની રંગત માણી અને દૂધપૌવા ની સાથે કચોરી,ફૂલવડી,બટાકાવડા ની છોડો ઉડાડીને ધાર્મિક વાતાવરણ માં ઉજવણી કરી હતી.ડભોઇ નગરમાં આવેલ વિવિધ વૈષ્ણવ હવેલીઓમાં બે દિવસ શરદ પુનમની ધાર્મિક વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી હતી. વૈષ્ણવોએ દર્શનનો લ્હાવો લેવા ઝારોલાવાગામાં આવેલ શ્રી દ્વારકાધીશ હવેલી ખાતે ઉમટી પડ્યા હતા.

પરંતુ વર્ષો વીતતા ગયા તેમ સમય બદલાતો ગયો આજે સમય બદલાયો છે શરદ પૂનમની ઉજવણી પાર્ટી પ્લોટો અનેક ક્લબો તેમજ બાગ બગીચામાં ઉજવવામાં આવે છે. સાંજના ૬ -૦૦કલાકે વૈષ્ણવો દર્શનનો અમૂલ્ય લ્હાવો લેવા ઉમટી પડ્યા હતા.

---

### બોડેલીથી મેરિયા બ્રિજ વચ્ચે આવેલા રોડ ઉપર ખાડાઓને લઈ લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે



**છોટાઉદેપુર :** છોટાઉદેપુર જિલ્લામાં આવેલ હાઇવે નંબર 56 પર બોડેલી અને મેરીયા બ્રિજ ની વચ્ચે આવેલ રોડ ઉપર અનેક ખાડાઓનો સમ્રાજ્ય જોવા મળે છે ખાસ કરીને સ્વામિનારાયણ મંદિરથી થોડાક જ આગળ જતા મુખ્ય રોડ ઉપર એક જ વિસ્તારમાં ખૂબ જ ખાડાઓ પડી ગયા છે જેથી કરીને વાહન ચાલકોને રોંગ સાઈડ જઈ અને પોતાનો વાહન કાઢવા માટે મજબૂર બને છે આ વસ્તુ કરતાં અનેક વખત અકસ્માત થવાની શક્યતાઓ પણ જોવા મળતી હોય છે કેમકે સામેથી આવતા વાહનો અને આપણે પોતે રોંગ સાઈડ જવું હોય તો પછી અકસ્માત થવાની પૂરેપૂરી સંભાવનાઓ જોવા મળતી હોય છે અને વધુમાં વાત કરીએ તો મેરીયા બ્રિજ ઉપર પણ ખૂબ જ મોટા મોટા ખાડાઓ જોવા મળી રહ્યા છે અને ત્યાં પણ વાહન ચાલકોને ખૂબ જ હાલાકી નો સામનો કરવો પડતો હોય છે જેથી રોજબરોજ અવરજવર કરતા વાહન ચાલકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે અને તંત્રને પોકાર કરે છે કે ઓ અધિકારીઓ આ ખાડાઓ ક્યારે પુરષો આગળ દિવાળી નો તહેવાર આવે છે.

---

## સાવલીના પોઈચા ખાતે મહી નદીમાં રૂ. 429.76 કરોડના ખર્ચે વિયરનું નિર્માણ

(પ્રતિનિધી) સાવલી તા.17

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આગામી તા. ૧૯ ના રોજ આ વિયર યોજનાનું કરશે ખાતમુહૂર્ત કરનાર છે.

આ વિયર બનતા સાવલી તાલુકાના ૩૪ ગામો અને ઉમરેઠ તાલુકાના ૧૫ ગામોને પીવા અને સિંચાઈના પાણીનો લાભ મળનાર છે સરકાર દ્વારા



દેશના ખૂણે-ખૂણે પાણીની સરળ અને પૂરતી ઉપલબ્ધિને પોતાનું લક્ષ્ય બનાવીને એ દિશામાં સતત કાર્યરત છે એવામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સમગ્ર દેશમાં પાણીની લગતી અનેકાનેક યોજનાઓને અમલ માં મૂકીને સાકાર કરી છે. તેમના માર્ગદર્શન હેઠળ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ ગુજરાતની પ્રજાને હંમેશા પૂરતું પાણી મળે તેની ખાતરી આપી રહ્યાં છે. મહી નદી પર વિશાળ વિયરનું નિર્માણ થનાર છે.

---

## નસવાડીના કલેડીયા રોડ ઉપર ગટરના પાણી ઉભરાયા

(પ્રતિનિધી) નસવાડી તા.17

નસવાડી કલેડીયા રોડ ઉપર ગટરના પાણી ઉભરાઈ ને રોડ ઉપર જતા હોવા છતાંય પંચાયત માર્ગ મકાન વિભાગ દ્વાર ગટર ના પાણી મા જ ડામર નો માલ નાખી પેચવર્ક નું કામ કર્યું જયારે અધિકારીઓ પેચવર્ક ની કામગીરી માં ધ્યાન આપતા નથી તેનો આ વરવો નમૂનો છે નસવાડી પંચાયત માર્ગ મકાન વિભાગ ના ઈજેનારો પેચવર્ક ની કામગીરી કરવાનો લાખો રૂપિયાનો ખર્ચ સરકારી ચોપડે પાડી દે છે.

નસવાડી તાલુકામાં ચોમાસા દરમિયાન પંચાયત માર્ગ મકાન વિભાગ ના રસ્તા ઓ તૂટી ગયા હતા તે રસ્તાઓ રીપેર કરવા માટે જિલ્લા પંચાયત માર્ગ મકાન વિભાગ દ્વારા નસવાડી તાલુકા પંચાયત માર્ગ મકાન વિભાગ ની કચેરી ને સી આર યોજના હેઠળ રસ્તા રીપેર કરવા માટે મંજૂરી આપી છે.